# સુરતમાંથી પકડાયેલું દીપડાનું ચામડું દહેરાદુન FSLમાં મોકલાશે

**વન** વિભાગે ફોરેન્સિક તપાસ સાથે તસ્કરી નેટવર્કની દિશામાં શરૂ કરી ઊંડી તપાસ

**વોટ્સએપ** ગ્રુપમાં વેચાણની ઓફરથી ડીઆરઆઇએ ભાંડો ફોડ્યો!

સુરતઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ અને વન વિભાગે પકડેલી દીપડાની ખાલ મામલે વન વિભાગે વધુ તપાસ હાથ ધરી છે. દીપડાના ચામડાને દહેરાદૂનની ફોરેન્સિક લેબમાં થશે વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવામાં આવશે.

ડીઆરઆઈએ સુરતના ઝાંપાબજાર વિસ્તારમાં રહેતા બદરી અબ્બાસ શબ્બીરભાઈ અને મોઈની હુસેન હુનેદને એક હોટેલમાંથી ઝડપી પાડ્યા હતા. દીપડાનું ચામડું મોઈની હુસેન પાસે મળી આવી હતી. મોઈનીએ તેણે આ ચામડું બદરી અબ્બાસ પાસેથી મેળવી હતી. બંને આરોપીઓને આગળની કાર્યવાહી માટે વન વિભાગને સોંપવામાં આવ્યા છે. વન વિભાગે આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી પણ કરી છે જેથી સમગ્ર રેકેટ અને તેની પાછળના સંભવિત સંપર્કો સુધી પહોંચી શકાય. દીપડાની વાસ્તવિક ઓળખ, તેની ઉંમર, ચામડું કેટલા સમય પહેલાં ઉતારવામાં આવ્યું હતું તેમજ તે કયા વિસ્તારમાંથી આવી હોઈ શકે તેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે.

## નખ ગાયબ: વન વિભાગ માટે સૌથી મોટો સવાલ

વન વિભાગની તપાસમાં એક મહત્વની બાબત સામે આવી છે કે જપ્ત કરાયેલી દીપડાની ખાલમાં નખ હાજર નથી. સામાન્ય રીતે દીપડાની સંપૂર્ણ ખાલ સાથે તેના નખ પણ જોડાયેલા હોય છે. આવી સ્થિતિમાં નખ ક્યાં ગયા? શું તેને અલગથી વેચી દેવામાં આવ્યા છે? કે પછી અન્ય કોઈ વ્યક્તિ પાસે છે? તે મુદ્દે હવે તપાસ શરૂ કરવામાં આવી છે. અધિકારીઓ એ દિશામાં પણ તપાસ કરી રહ્યા છે કે આરોપીઓ પાસે માત્ર આ એક જ ખાલ હતી કે પછી અન્ય વન્યજીવ અવશેષો અથવા બીજી ખાલો પણ તેમના કબજામાં હોઈ શકે છે. મોબાઈલ ફોન, સંપર્કો અને અન્ય પુરાવાઓના આધારે સમગ્ર નેટવર્કની કડીઓ શોધવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

## ચામડું કેટલું જૂનું? આરોપી અને વન વિભાગના દાવામાં વિરોધાભાસ

તપાસ દરમિયાન આરોપીઓએ દાવો કર્યો હોવાનું જાણવા મળે છે કે દીપડાની આ ખાલ લગભગ 15 વર્ષથી તેમના પરિવાર પાસે હતી અને તે તેમના પિતાના સમયથી ઘરમાં રાખવામાં આવી હતી. જોકે વન વિભાગ આ દાવાની સત્યતા અંગે શંકા વ્યક્ત કરી રહ્યું છે. વન વિભાગના અધિકારીઓના પ્રાથમિક નિરીક્ષણ મુજબ ખાલ 15 વર્ષ જૂની હોવાનું લાગતું નથી. પ્રાથમિક દ્રષ્ટિએ ખાલ અંદાજે બે થી ત્રણ મહિના જૂની હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. આ કારણે હવે આરોપીઓના નિવેદન અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેનો તફાવત તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે.

### આરોપીઓની પૃષ્ઠભૂમિ પણ તપાસ હેઠળ

તપાસમાં સામે આવ્યું છે કે મોઈની હુસેન વ્યવસાયે જમીન દલાલ તરીકે કાર્ય કરે છે જ્યારે બદ્રી અબ્બાસ પ્રિન્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. બંને ઝાંપાબજાર વિસ્તારમાં રહે છે. વન વિભાગ હવે બંને આરોપીઓના આર્થિક વ્યવહારો, મોબાઈલ સંપર્કો, સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપ્સની વિગતોની પણ તપાસ કરી રહ્યું છે જેથી જાણવા મળી શકે કે તેઓ કોઈ મોટા વન્યજીવ તસ્કરી નેટવર્ક સાથે જોડાયેલા છે કે નહીં.

### ખાલ નિપુણતાથી કાપવામાં આવી હોવાનું અનુમાન

વન વિભાગના અધિકારી ધીરજકુમારના જણાવ્યા મુજબ દીપડાની ખાલ વ્યવસ્થિત અને તકનીકી રીતે કાપવામાં આવી હોવાનું જોવા મળે છે. અધિકારીઓના મતે ખાલ કાપવાની પદ્ધતિ સામાન્ય વ્યક્તિ માટે શક્ય નથી અને આ કામગીરી કોઈ અનુભવી અથવા વ્યાવસાયિક ખાલ ઉતારનાર દ્વારા કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. તેથી હવે તપાસનો ફોકસ એવા લોકો સુધી પણ પહોંચાડવામાં આવશે.

# ઉકાઈ ડેમમાંથી ગત વર્ષ કરતાં પાણીનો વપરાશ વધ્યો

**સાત** મહિનામાં ડેમની સપાટી ૨૯.૦૫ ફૂટ ઘટી, છતાં હાલ પાણીનો જથ્થો પૂરતો

સુરતઃ દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં આ વર્ષે પાણીનો વપરાશ ગત વર્ષની સરખામણીએ વધુ થયો હોવાનું સામે આવ્યું છે. પહેલી જૂન ૨૦૨૬ના રોજ ઉકાઈ ડેમની પાણીની સપાટી ૩૧૫.૯૭ ફૂટ નોંધાઈ હતી, જે ગત વર્ષે પહેલી જૂન ૨૦૨૫ના રોજ નોંધાયેલી ૩૧૭.૯૭ ફૂટની સરખામણીએ ૨ ફૂટ ઓછી છે.

ગત વર્ષે ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ઉકાઈ ડેમ સંપૂર્ણ ભરાઈ જતા પાણીની સપાટી ૩૪૫.૦૨ ફૂટ સુધી પહોંચી હતી. ત્યારબાદ નવેમ્બર-૨૦૨૫થી જૂન-૨૦૨૬ સુધીના સાત મહિનામાં ખેતી, ઉદ્યોગ અને પીવાના પાણી માટે તાપી નદીમાં સતત પાણી છોડાતા ડેમની સપાટી કુલ ૨૯.૦૫ ફૂટ ઘટી છે. જોકે હાલની સ્થિતિ ચિંતાજનક માનવામાં આવતી નથી. ડેમમાં હજુ પણ ખેતી, ઉદ્યોગ અને પીવાના પાણી માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું માનવામાં આવે છે. જો વરસાદ મોડો પડે તો પણ આગામી સમય માટે પાણીની ઉપલબ્ધિ પર તાત્કાલિક કોઈ અસર થવાની શક્યતા ઓછી છે. તેમ છતાં ગત વર્ષની સરખામણીએ આ વખતે વધુ પાણી છોડવામાં આવતા પાણીની સપાટીમાં બે ફૂટનો તફાવત નોંધાયો હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે.

# ગોચર જમીન પર ગેરકાયદે રસ્તા નિર્માણની રજૂઆત

**હરિયાલ**-કરંજ ખાતે ચાલતા કામને તાત્કાલિક બંધ કરાવવા કલેક્ટર અને ડીડીઓને રજૂઆત

સુરતઃ માંડવી તાલુકાના હરિયાલ-કરંજ ગામની સરકારી ગૌચર જમીન પર ગેરકાયદે રીતે પાકા રસ્તાનું નિર્માણ ચાલી રહ્યું હોવાના આક્ષેપ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને રિમાઈન્ડર રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રજુઆતમાં જણાવાયું છે કે હરિયાલ-કરંજ, સમોસાદ અને લિડિયાત ગામોમાં સરકારી ગૌચર જમીન પર વહીવટી મંજૂરી વિના રસ્તા બનાવવામાં આવી રહ્યા હોવાના મુદ્દે અગાઉ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓનો ઉલ્લેખ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે અગાઉ રજૂઆત થયા બાદ પણ ગૌચર જમીન પર ચાલી રહેલું પાકા રસ્તાનું નિર્માણ કામ બંધ કરવામાં આવ્યું નથી અને હાલ પણ સ્થળ પર સતત કામગીરી ચાલી રહી છે. જેના કારણે ગૌચર જમીનના રક્ષણ માટે જવાબદાર તંત્ર દ્વારા સમયસર અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી તેવી શંકા ઉભી થઈ રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

# 'પરિમેય'એપ્લિકેશન કેસમાં ઈડીના ગુજરાત સહિત 6 રાજ્યમાં દરોડા

**1.56** કરોડની સંપત્તિ જપ્ત, રૂ.112 કરોડની સંપત્તિ ફ્રીઝ

**પ્લેટફોર્મે** એક જ વર્ષમાં રૂ.3,000 કરોડથી વધુની આવક મેળવી

ગાંધીનગરઃ મુંબઈ સ્થિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ 'પારિમેય' સામે ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી હાથ ધરી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ 26 મેના રોજ મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, દમણ અને ઉત્તર પ્રદેશમાં કુલ 17 સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા.

ઈડીના જણાવ્યા અનુસાર દરોડા દરમિયાન આશરે રૂ.1.56 કરોડની ચલ સંપત્તિ જપ્ત કરવામાં આવી છે, જેમાં રૂ.1.2 કરોડની રોકડ રકમનો સમાવેશ થાય છે. ઉપરાંત વિવિધ બેંક ખાતાઓમાં જમા આશરે રૂ.3.8 કરોડની રકમ ફ્રીઝ કરવામાં આવી છે. તપાસ દરમિયાન અનેક મહત્વના દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો પણ કબજે કરાયા છે.

મુંબઈ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે ઈડીએ તપાસ શરૂ કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે પરિમેય પ્લેટફોર્મે રોકાણકારોને ઊંચા વળતરના લોભામણા વચનો આપી ગ્રાહકોને આકર્ષ્યા હતા. ઈડીનો દાવો છે કે પ્લેટફોર્મે એક જ વર્ષમાં રૂ.3,000 કરોડથી વધુની આવક મેળવી હતી. તપાસમાં ખુલાસો થયો છે કે પરિમેય અને તેના સહયોગીઓએ ગ્રાહકોના નાણાં એકત્ર કરવા, ટ્રાન્સફર કરવા અને ઉપાડવા માટે ફર્જી બેંક ખાતાં, પેમેન્ટ ઇન્ટરમીડિયરી અને વિવિધ નાણાકીય ચેનલોનો ઉપયોગ કર્યો હતો.

ઈડીના સૂત્રોના જણાવ્યા મુજબ અનેક કિસ્સાઓમાં ગ્રાહકો દ્વારા જમા કરાયેલી રકમ સીધી ઉપાડ કરનારા અન્ય ગ્રાહકોના બેંક ખાતાં અથવા UPI IDમાં મોકલી દેવામાં આવતી હતી, જેથી નાણાંના મૂળ સ્ત્રોત અને વ્યવહારનો સીધો સંબંધ છૂપાવી શકાય. તપાસમાં બેંકિંગ કોરસ્પોન્ડન્ટ (BC) નેટવર્ક, મોબાઈલ મની ટ્રાન્સફર એજન્ટો, ગ્રાહક સેવા કેન્દ્રો (CSP), સ્થાનિક કિરાણા સ્ટોર અને રિટેલ દુકાનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

# રાજ્યમાં 5 દિવસ વરસાદી માહોલ રહેશે

**50-60** કિમીની ઝડપે પવન ફુંકાવાની આગાહી

**ઉત્તર** ગુજરાત-કચ્છ માટે ઓરેન્જ એલર્ટ

અમદાવાદઃ રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી જોર પકડી રહી છે. છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો, જ્યારે આગામી પાંચ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. 3 અને 4 જૂને ઉત્તર ગુજરાત તથા કચ્છના કેટલાક જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વરસાદની સાથે સાથે રાજ્યના અનેક શહેરોમાં હજુ પણ ગરમીનો પ્રકોપ યથાવત છે.

સુરેન્દ્રનગર, અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. વડોદરા અને રાજકોટમાં 40 ડિગ્રી, અમરેલીમાં 40 ડિગ્રી, ગાંધીનગરમાં 39 ડિગ્રી, ડીસામાં 39 ડિગ્રી, ભાવનગર અને ભૂજમાં 38 ડિગ્રી તેમજ સુરત અને દમણમાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મુંદ્રા પોર્ટ નજીક દરિયામાંથી જપ્ત કરવામાં આવેલા

# 1150 કરોડના કોકેઈન પર એરટેગ્સ-GPSથી નજર રખાઈ રહી હતી

**આંતરરાષ્ટ્રીય** ડ્રગ્સ માફિયાઓ હાઈટેક બની ગયા, તપાસમાં કન્સાઈનમેન્ટમાંથી ચાર એરટેગ્સ અને બે જીપીએસ ટ્રેકિંગ ડિવાઈસ મળ્યા

ગાંધીનગરઃ ગુજરાત એટીએસ દ્વારા મુંદ્રા પોર્ટ નજીક દરિયામાંથી જપ્ત કરાયેલા 1150 કરોડથી વધુ કિંમતના 118 કિલો કોકેઈન કેસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. કોકેઈનની ખેપમાંથી ચાર એપલ એગ ટેગ્સ અને બે જીપીએસ ટ્રેકિંગ ડિવાઈસ મળી આવતા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટની હાઈટેક કાર્યપદ્ધતિ સામે આવી છે.ડ્રગ્સ સીન્ડિકેટ દ્વારા કન્સાઈન્મેન્ટ પર ડિજિટલી નજર રાખવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન કોકેઈનના નમૂના લેવા અને જપ્તીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હતી ત્યારે કોકેઈનની ઈંટોમાં અત્યંત ગુપ્ત રીતે છુપાવવામાં આવેલા ચાર Apple AirTags અને બે Garmin GPS ઉપકરણો મળી આવ્યા હતા. તપાસ એજન્સીઓના મતે, પ્રતિબંધિત માલના સપ્લાયરો દ્વારા સમગ્ર કન્સાઈન્મેન્ટ પર સતત નજર રાખવા અને તેનું રિયલ-ટાઈમ લોકેશન ટ્રેક કરવા માટે આ ડિવાઈસનો ઉપયોગ કરવામાં આવતો હતો. તપાસકર્તાઓનું માનવું છે કે, બ્રાઝિલથી નીકળેલી કોકેઈનની આ ખેપ દરિયામાં ક્યાં પહોંચી, કોના સંપર્કમાં આવી અને અંતિમ ડિલિવરી પોઈન્ટ સુધી ક્યાં સુધી પહોંચી તે અંગેની માહિતી મેળવવા માટે આ ટ્રેકિંગ ડિવાઈસ લગાવવામાં આવ્યા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બારડોલી નજીક...

કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે બસ ડિવાઈડર કૂદીને રોડની સામેની બાજુના ટ્રેક પર ધસી ગઈ હતી. બરાબર એ જ સમયે સામેથી એટલે કે નવાપુર તરફથી બારડોલી આવી રહેલી મહારાષ્ટ્ર નિગમની જ બીજી બસ સાથે આ કાબૂ બહાર ગયેલી બસ સીધી ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર લાગતાની સાથે જ સામેથી આવતી બસ રોડની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી હતી અને જોતજોતામાં તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ એટલી ઝડપથી ફેલાઈ કે મુસાફરોને બહાર નીકળવાની તક જ ન મળી. આ ભયાનક અગ્નિકાંડમાં પાંચ મુસાફરો જીવતા ભુંજાયા હતા, જેમની લાશ ઓળખી ન શકાય તે હદે સળગી ગઈ છે. જ્યારે બસના ડ્રાઈવર સહિત અન્ય બે જણાને ગંભીર હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ લઈ જવાઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં જ તેમણે દમ તોડ્યો હતો. આમ, આ દુર્ઘટનામાં કુલ ૭ લોકોનાં મોત નીપજ્યાં છે. મૃત્યુ આંક વધવાની શક્યતા છે. સ્થાનિક લોકો અને પસાર થતા વાહનચાલકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરીને અન્ય મુસાફરોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા ૪૨ જેટલા મુસાફરને સારવાર અર્થે બારડોલી, વ્યારા અને સુરતની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે નેશનલ હાઈવે નં.53 પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સુરત જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકે ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસના આદેશ આપ્યા છે.

### મદદ અને પૂછપરછ માટે ડિઝાસ્ટર હેલ્પલાઇન

વહીવટી તંત્ર દ્વારા સુરત કલેક્ટર સાથે સંકલન સાધીને મૃતકોના સગા-સંબંધીઓ માટે એક ખાસ હેલ્પલાઇન નંબર જાહેર કરવામાં આવ્યો છે. અકસ્માત અંગે કોઈ પણ પૂછપરછ કે ક્લેમ માટે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ સંપર્ક નંબરઃ 0261-2663200 પર સંપર્ક કરી શકાશે.

### અકસ્માતમાં ઇજાગ્રસ્ત...

- ગિરધર બાબુરાવ (ઉં.વ. 75)
- રાજેન્દ્ર ભીમરાવ મહાજન (ઉં.વ. 56)
- ઝુબેર ઝાકીર શેખ (ઉં.વ. 32)
- ગણેશ શિવાજી કુંભાર (ઉં.વ. 33)
- ઇશિકા ગણેશ કુંભાર (ઉં.વ. 34)
- માયા ગણેશ કુંભાર (ઉં.વ. 28)
- રામપ્રેમી રાજભર (ઉં.વ. 45)
- કવિતા અમૃત થોરી (ઉં.વ. 37)
- હર્ષરાજ હિંમત પવાર (ઉં.વ. 52)
- હંસરાજ ગુણવંત પવાર (ઉં.વ. 42)
- મુસરા હમદ પઠાણ (ઉં.વ. 24)
- હમાદ હમદ પઠાણ (ઉં.વ. 8)
- કમલ સુરલાલ મિસ્ત્રી (ઉં.વ. 55)
- દગડુ સોનુ માળી (ઉં.વ. 42)
- ચેતન નાના (ઉં.વ. 39)

### ઓળખ માટે...

માત્ર હાડકાં જ બચ્યા હોવાથી સ્થિતિ અત્યંત ગંભીર છે. આ દુર્ઘટનામાં 3 મહિલા અને 4 પુરુષ મળી કુલ 7 વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે. આગમાં મૃતદેહો સંપૂર્ણપણે ક્ષતવિક્ષત થઈ ગયા હોવાથી માત્ર 1 જ વ્યક્તિની ઓળખ શક્ય બની છે, જ્યારે બાકીના 6 મૃતદેહ અજાણ્યા છે.

### લાશનું પીએમ...

સાયન્સ લેબોરેટરી (FSL)માં મોકલવામાં આવશે. મોટા ભાગના મુસાફરો મહારાષ્ટ્રના હોવાનું જાણવા મળ્યું છે અને હજુ સુધી તેમના સગા-સંબંધીઓ બારડોલી પહોંચી શક્યા નથી. આ સંજોગોમાં હવે પરિવારના DNA સેમ્પલ મેચ કર્યા બાદ જ મૃતકોની સાચી ઓળખ શક્ય બનશે. હાલ તમામ મૃતદેહોને સુરત સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં ખસેડવામાં આવ્યા છે.

### સુરતમાં...

ગઈ હતી. વરસાદ બાદ રસ્તાઓ પર કાદવ-કીચડ અને ગંદકીના ઢગલા જોવા મળતાં શહેરની સફાઈ અને ડ્રેનેજ વ્યવસ્થાની પણ પોલ ખુલી ગઈ હતી. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ સુરતમાં વરસાદની આગાહી હતી જ છતાં મનપાનું તંત્ર જાગ્યું નહોતું. સુરતમાં રાત્રે લગભગ બે વાગ્યાની આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. અચાનક ત્રાટકેલા વરસાદને કારણે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સાથે સાથે ઉધના વિસ્તારમાં આવેલા ભીમનગર ગરનાળામાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા અને ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. પાણીનું સ્તર એટલું વધારે હતું કે ત્યાંથી પસાર થતી અનેક ઓટો રિક્ષાઓ, મોટરસાયકલો અને સ્કૂટરો ચાલુમાં બંધ થઈ ગયા હતા, જેના લીધે વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. બીજી તરફ વરસાદને કારણે અનેક સ્થળોએ રસ્તાઓ પર ખાબોચિયા પાણીથી છલકાઈ જતાં સવારના સમયે નોકરી-ધંધા માટે નીકળેલા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જો કે મનપાના તંત્ર દ્વારા પ્રિમોન્સૂન કામગીરી યોગ્ય રીતે થઈ હોવાના દાના વચ્ચે પાણીના નિકાલના અભાવે ખાબોચીયા ભરાયા અને કાદવ જામતા પોલ ખુલી હતી. જો કે વરસાદને કારણે ગરમીમાંથી રાહત મળી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં પ્રથમ વરસાદમાં જ પાણી ભરાવા, રસ્તાઓ ધોવાઈ જવા અને ગંદકી ફેલાવાની સમસ્યા યથાવત રહેતા મનપાની કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરી હોવાથી તંત્ર પણ એલર્ટ મોડ પર આવ્યું છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ વરસશે તો શહેરના નીચાણવાળા વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### દક્ષિણ ગુજરાતમાં...

કરીએ તો તાપી જિલ્લાના વાલોડમાં સૌથી વધુ ૧.૨૪ ઈંચ અને વ્યારામાં ૧.૧૬ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે ભરૂચમાં 1 ઈંચ, હાંસોટમાં આશરે ૧ ઈંચ વરસાદ તૂટી પડ્યો હતો. અંબિકાના ઉમરા ગામ અને ઉમરપાડાના વાડી ગામમાં ગરીબ પરિવારોનાં મકાનો તથા પશુ શેડનાં પતરાં ઊડી ગયા હતા. કીમ ચાર રસ્તાના ફિરદોશ શોપિંગ સેન્ટરમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. ડાંગમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતા શાળાનાં પતરાં ઊડ્યાં હતાં, અનેક વૃક્ષો ધરાશાયી થયાં હતાં. વાંસદામાં વરસાદના કારણે કેરીના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે. નવસારીમાં પણ કાદવ કીચડની સમસ્યા યથાવત્ રહી હતી. ચીખલી તાલુકામાં 1.08 ઈંચ વરસાદ વરસ્યો હતો. કેટલાક વિસ્તારમાં રસ્તા પર પાણી ભરાયાં હતા. અનેક સ્થળે પતરાં ઊડવાની ઘટના બની હતી.

### ડાંગર, તલ અને મગના પાકને નુકસાન

કાપણીના તબક્કે રહેલો ઉનાળુ ડાંગર, તલ અને મગનો પાક ખેતરોમાં પલળી ગયો હતો. જ્યારે હાઇવે પર સુકાવા માટે મૂકેલું ડાંગર પલળી જતાં ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. આ ઉપરાંત આંબાવાડીઓમાં મોટી સંખ્યામાં કેરી ખરી પડતાં અને બજારમાં ભાવો ઘટતાં ખેડૂતોને બેવડો ફટકો પડ્યો છે, જ્યારે પશુઓનો ઘાસચારો પલળી જતાં પશુપાલકો પણ ચિંતિત બન્યા છે.

### મનપાની પ્રિ...

હતી. પરંતુ આ સમીક્ષા બેઠક પૂરી થયાના માંડ 8 કલાકમાં જ મનપાના આ વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારની પોલ પ્રજા સમક્ષ ખુલ્લી પાડી દીધી છે. ઉધનાના ભીમ ગરનાળા મામલે સ્થાનિક નાગરિકોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરતા આક્ષેપ કર્યો છે કે આ કોઈ નવી સમસ્યા નથી, દર વર્ષે ચોમાસામાં ભીમનગર ગરનાળામાં પાણી ભરાઈ જ જાય છે અને મનપાના એન્જિનિયરો આનાથી વાકેફ હોવા છતાં અહીં પાણીના નિકાલ માટે કોઈ કાયમી પમ્પિંગ સ્ટેશન કે ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા કેમ કરતા નથી?

### ઉમરપાડામાં સૌથી...

તાલુકાઓ મુજબ કરવામાં આવી રહી છે. જિલ્લામાં ચોર્યાસી અને બારડોલી તાલુકાને બાદ કરતાં મોટાભાગના તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઉમરપાડા તાલુકામાં ૭૦ મીમી નોંધાયો હતો, જ્યારે અરેઠ તાલુકામાં સૌથી ઓછો માત્ર ૨ મીમી વરસાદ નોંધાયો હતો. મહુવામાં ૨૪ મીમી અને અંબિકા તાલુકામાં ૨૦ મીમી વરસાદ વરસ્યો હતો. સુરત શહેર વિસ્તારમાં ૭ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ જિલ્લામાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં અને ગાજવીજ સાથે વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### સુરતમાં 12...

હતી. ભારે વરસાદ વચ્ચે પણ ફાયર કર્મચારીઓએ રસ્તાઓ પર પડેલા વૃક્ષો અને તેની ડાળીઓ હટાવી લઈ માર્ગ પુનઃ ખુલ્લા કરી નાખ્યા હતા. શહેરના વિવિધ ઝોનમાં બનેલી ઘટનાઓમાં સલાબતપુરા, કતારગામ વેડ રોડ, અઠવા લાઇન્સ ખાતે ગોકુલમ ડેરી નજીક, મક્કાઈપુલ, અડાજણ મધુરમ સર્કલ, રાંદેર રોડ પર ઝંડા ચોક, વરાછા ખાતે બુટ ભવાની બસ સ્ટોપ, મોરા ભાગળ જનતા ચોક તેમજ કતારગામ મોટી વેડ જેવા વ્યસ્ત વિસ્તારોનો સમાવેશ થાય છે.

### ઇબોલાનો કેસ...

અફવા તરફ ધ્યાન ન આપવા અને આરોગ્ય વિભાગ તરફથી અપાતી સૂચનાનું.પાલન કરવા અનુરોધ કરાયો છે.

### સુરતમાં દાઉદના...

સિન્થેટિક ડ્રગ્સના ઉત્પાદન અને વિતરણમાં આ નેટવર્કની મહત્ત્વની ભૂમિકા હોવાનું સામે આવ્યું છે.

ઈડીની તપાસનું મુખ્ય ફોકસ ડ્રગ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રીકર્સર કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલ વેપારીઓ, મેફેડ્રોન ઉત્પાદકો, ડ્રગ્સ વિતરકો તેમજ હવાલા ઓપરેટરો પર છે. આ ઉપરાંત બેનામી મિલકતો અને ગેરકાયદે કમાણીના રોકાણના સ્ત્રોતોની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન મળેલી માહિતી મુજબ, આ સંગઠિત ગુનાહિત નેટવર્ક કેમિકલ્સની ખરીદીથી લઈને ગુપ્ત લેબોરેટરીઓમાં મેફેડ્રોનનું ઉત્પાદન, રાજ્યો વચ્ચે ડ્રગ્સની સપ્લાય અને વિદેશોમાં તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં સામેલ હતું. ડ્રગ્સના ધંધામાંથી મેળવાયેલી રકમ હવાલા ચેનલ મારફતે દેશ-વિદેશમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી અને ત્યારબાદ વિવિધ વ્યક્તિઓના નામે ચલ-અચલ તથા બેનામી મિલકતો ખરીદવામાં આવતી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, ઈડીની ટીમ કેમિકલ ફેક્ટરીઓ, એકાઉન્ટન્ટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) અને અન્ય નાણાકીય સલાહકારોની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. દરોડા દરમિયાન નાણાકીય દસ્તાવેજો, બેંક રેકોર્ડ, ડિજિટલ ડેટા અને અન્ય મહત્ત્વના પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓ હવે હવાલા મારફતે વિદેશ મોકલાયેલી રકમનો ઉપયોગ ક્યાં કરવામાં આવ્યો, ડ્રગ્સ નેટવર્કના આંતરરાષ્ટ્રીય સંપર્કો કોણ છે અને તેમાં અન્ય કયા લોકો સંકળાયેલા છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ આગળ ધપાવી રહી છે.

### ઈબોલા વાયરસ...

વિસ્તારોમાં આવેલા 8 લોકોને તેમના ઘરોમાં હોમ કોરોન્ટાઈન કરાયા છે, જેમને 21 દિવસ સુધી કોરોન્ટાઈન કરાશે. આરોગ્ય વિભાગની તબીબી ટીમ સતત તેમનું ઓબ્ઝર્વેશન કરી રહી છે. એરપોર્ટ ઉપર જ તેમનું મેડિકલ પરીક્ષણ કરાયું હતું, જેને લઈ ચિંતાની કોઈ વાત ન હોવાનું પણ આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

### ડિંડોલી ગરનાળામાં...

હાલાકીમાં કોઈ ફરક જોવા મળતો નથી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ડિંડોલી-ઉધનાને જોડતા રેલવે ગરનાળામાં વરસાદનાં આગમન સાથે જ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. જેને પગલે ગરનાળામાંથી પસાર થતાં વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.


## જાહેર નોટીસ

આથી ઉમરગામ નિર્દિષ્ટ વિસ્તાર કચેરી હેઠળ આવતા જીઆઈડીસી વસાહતના ઓદ્યોગિક વાણિજ્ય રહેઠાણ મિલકતધારક મિત્રો ને આ જાહેર નોટીસ દ્વારા જાણવામાં આવે છે. કે ચોમાસાની ઋતુ દરમિયાન અને અન્ય કોઈ સમયે જુના / બિસ્માર અથવા બીજા કોઈ બીજા કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મકાનો/મિલકતો તૂટી પડવાના બેસી જવાના કે અકસ્માત થવાના બનાવો બનતા હોય છે. જેથી આવા બિસ્માર મકાનો ને ભયજનક ભાગ રીપેર કરાવી લેવા અથવા દુર કરવા ઉપરાંત આપના દ્વારા કરવામાં આવેલ વધારાનું ગેર - કાયદેસર બાંધકામ તથા અન્ય જોખમરૂપ બાંધકામો તાત્કાલીક અસરથી સ્થળેથી સ્વ ખર્ચે અને જોખમે દુર કરવા ઉપરાંત જે તે મિલકતદારોને વિનંતી કરવામાં આવે છે. જો ચોમાસા દરમિયાન મકાન તૂટી પડે બેસી જાય અથવા કોઈ અકસ્માત થવાને લીધે માલસામાન ને નુકસાન કે જાનહાનિ થાય અથવા અન્ય કોઈ સમયે કુદરતી કે કુત્રિમ અન-અનિચ્છનીય બનાવ / ઘટના બને તો તે તેની સઘળી જવાબદારી જે તે ઓદ્યોગિક /વાણિજ્ય /રહેઠાણ મિલકતધારકો ની રહેશે. જેમાં અત્રેની કચેરીના અધિકારીઓ/કર્મચારીઓની કોઈ જવાબદારી રહેશે નહિ.

મુખ્ય અધિકારી
નિર્દિષ્ટ વિસ્તાર
જીઆઈડીસી, ઉમરગામ

ન. માહિતી/વલસાડ/૧૩૪/૨૦૨૬



## કડોદરા નગરપાલિકા જી-સુરત
## {ઓફ લાઇન જાહેરાત) ટેન્ડર નોટિસ - ૨૦૨૬-૨૭}
## વાર્ષિક કરાર આધારીત કામગીરી

કડોદરા નગરપાલિકા, જિ.સુરતના સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે અલગ અલગ કામ માટે રસ ધરાવતા ઇસમો/એજન્સી/કંપની/સંસ્થાઓ પાસેથી ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. આ કામનુ ટેન્ડર અત્રેની કચેરી થી રજાના દિવસો સિવાય તા.3/૦૬/૨૬ થી તા.૧૨/૦૬/૨૬ સુધી કચેરી સમય દરમ્યાન મળી શકશે અને ભરેલ ટેન્ડર રજીસ્ટર્ડ પોસ્ટ/સ્પીડ પોસ્ટ અથવા કુરિયરથી તા.૨૩/૦૬/૨૦૨૬ સુધીમા સાંજે ૪.૦૦ સુધીમાં નગરપાલિકાની કચેરીએ પહોંચતા કરવાના રહેશે. ટેન્ડરની ડિપોઝીટની રકમ રોકડથી/ ચેકથી ભરી શકશે અને જો ડી.ડી.હશે તો ચીફ ઓફિસર,કડોદરા નગરપાલિકાના નામનો બનાવવાનો રહેશે.

| અ.નં | શાખા | કામનું નામ | ટેન્ડર ફી | ડિપોઝીટની રકમ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | વહીવટી વિભાગ | કડોદરા નગરપાલિકા ઓફિસ વિભાગની સ્ટેશનરી છાપકામ કરવા અંગેનું કામ.વિવિધ ખાતાના ફોર્મ,પાવતી બૂક છાપકામ તથા બાઇન્ડીગ અને હેન્ડબીલ,ઇન્વીટેશન કાર્ડ બનાવવાના કામ બાબત. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકા ઓફિસ વિભાગની સ્ટેશનરી સપ્લાય કરવાનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં મંડપ ડેકોરેશનની તથા રોશની કરવાની કામગીરી બાબત. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં વિવિધ શાખામાં માણસો પુરા પાડવા આઉટસોર્સ એજન્સી પાસે ભાવો મંગવવા બાબત. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં રાષ્ટ્રીય પર્વ ઉજવણીના કામે તથા મીટીંગ માટે ચા/ નાસ્તો જમવાના ભાવો / તેમજ સ્ટાન્ડર્ડ કંપનીના નાની/ મોટી પાણીની બોટલ પ્રસંગો અનુસાર સપ્લાય કરવાના ભાવ. નગરપાલિકાની સૂચના મુજબ | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં બેનરો,વોલ પેઇન્ટિંગ,સ્ટિકર, તથા સરકારી દિવાલો પર રંગરોગાન કરી સ્વચ્છતામા ચિત્રો બનાવવા,સરકારી તેમજ ખાનગી સ્થળો પર અક્ષરોનું લખાણ કરવા અંગેનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં ફોટોગ્રાફી તેમજ વિડીયોગ્રાફી કરવા અંગેનુ કામ | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં પ્રાસંગીક કામે ફુલહાર -ગુલદસ્તા-બુકે ખરીદીના ભાવ બાબત. | ભાવપત્રક | |
| ૨ | પાણી પુરવઠા વિભાગ | કડોદરા નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગ માટેના જરૂરી માલ સામાન સપ્લાય કરવા અંગેનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકા સંચાલિત પાણીની ટાંકીની સફાઈ કરવા અંગેનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં મોટર/પંપ રીપેરીંગ તથા નવી ખરીદી અંગેના મજુરી સાથેનું કામ | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| 3 | લાઇટ વિભાગ | કડોદરા નગરપાલિકા વિસ્તારની સ્ટ્રીટ લઇટો / ઇલેક્ટ્રીકલ્સ ના માલ સામાન મટિરીયલ સપ્લાય કરવા અંગેનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૪ | ફાયર વિભાગ | ફાયર વિભાગને લાગત જરૂરી માલસામાન સાધનો તથા યુનિફોર્મ પૂરા પાડવાનું કામ | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૫ | વાહન વિભાગ | કડોદરા નગરપાલિકાના વાહનો માટે સ્ટાન્ડર્ડ કંપની અલગ-અલગ કેપેસીટીની વાહનોની બેટરી સપ્લાય કરવાનું કામ. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકા વિસ્તારમાં ભાડેથી જે.સી.બી તથા ટ્રેકટર-ટ્રેલર , હાઈવા,ભાડે રાખવાના ભાવો | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં આવેલ તમામ વાહનો માટે સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર ટ્યુબ ખરીદી ના ભાવો બાબત. | ભાવપત્રક | - |
| ૬ | કોમ્પ્યુટર વિભાગ | કડોદરા નગરપાલિકાની કચેરીમાં આવેલા એ.સી. (A.C.) સર્વિસ તથા નવા ખરીદી કરવા બાબત. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામા ઇન્ટરનેટ સપ્લાય કરવા બાબત. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકાના વિવિધ પ્રિંટર/ કોમ્પ્યુટર નવા ખરીદી/ રીપેરીંગ તેમજ ટોનર રીફીલ કરવાના ભાવ તથા કોમ્પ્યુટરને લગતા પાર્ટસના ભાવ મજૂરી સાથે. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૭ | આરોગ્ય વિભાગ | કડોદરા નગરપાલિકામાં આરોગ્ય વિભાગને લગતી જરૂરી દવાઓ તથા પાણી શુદ્ધી કરણ દવા માલસામાન અંગેનું કામ | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| | | કડોદરા નગરપાલિકામાં સાફ સફાઇને લગત વિવિધ માલસામાન સપ્લાઈ કરવા માટેની કામગીરી. | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| 8 | બાંધકામ વિભાગ | કડોદરા નગરપાલિકામાં વિવિધ જગ્યાએ ફેબ્રિકેશનને લગતી કામગીરી કરાવવા બાબત | ૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |

શરતો

(૧) ટેન્ડર અંગેની વિગતવાર માહિતી પાલિકાની સંબંધિત શાખામાં કચેરી સમય દરમ્યાન ૧૧:૦૦ થી ૫:૦૦માં સંપર્ક કરી મેળવી શકશે.
(૨) ટેન્ડર સંબંધિત શાખામાં કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફી ભરી મેળવી શકશે અને ડિપોઝીટની રકમ ટેન્ડર સાથે ડી.ડી. બનાવીને મૂકવાની રહશે અથવા રોકડથી ભરી તેની રસીદ સાથે મૂકવાની રહેશે. રસીદ ન મુકનારનું ટેન્ડર રદ ગણવામાં આવશે.
(3) ટેન્ડરરશ્રીએ સરકારીના પ્રવર્તમાન નિયમોનુસારના વિવિધ ટેક્ષ જેવા કે GST No./PF/PAN રજીસ્ટ્રેશન નંબરો વિગેરે હોવા જોઈએ જે તમામને બંધનકર્તા રહશે. તથા જણાયે સંસ્થાઓની નોધણી અથવા કોન્ટ્રાકટર ક્ષેણીમાં નોંધયેલ હોવા જોઈએ.
(૪) સીલ બંધ ટેન્ડરની ઉપર કામનુ નામ લખવુ ફરજીયાત છે.
(૫) શરતી ભાવપત્રકો / અધૂરી વિગતો ધરાવતા સમય મર્યાદાની બહાર આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. જે માટે કોઈ કારણ આપવામાં આવશે નહિ.
(૬) ટેન્ડરની શરતો અલાયદી ટેન્ડર સાથે હોય જે ટેન્ડરને બંધનકર્તા રહશે.
(૭) તમામ ભાવો તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી માન્ય રહશે. જે તમામ ટેક્ષ સહિતના ભરવાના રહેશે.
(૮) કોઈનું ટેન્ડર મંજૂર કરવું કે નામંજૂર કરવાની તમામ સત્તા કડોદરા નગરપાલિકાને અબાધિત રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

સહી/-
ચીફ ઓફિસર
કડોદરા નગરપાલિકા
તા.પલસાણા જી. સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૧૫/૨૦૨૬

સહી/-
પ્રમુખ
કડોદરા નગરપાલિકા
તા.પલસાણા જી. સુરત